# એનડીએની વિસ્તરતી ક્ષિતિજો

અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

શ્રી રામવિલાસ પાસવાનના લોકજનશક્તિ પક્ષે ભાજપના સાથીદાર અને એનડીએનો હિસ્સો બનવાનો નિર્ણય લીધો છે. વધુમાં, રાજકીય નેતાઓ, પ્રતિષ્ઠિત નાગરિકો અને રાજકીય જૂથો મોટી સંખ્યામાં પક્ષમાં જોડાઈ રહ્યા છે અથવા એનડીએ સાથે યુતિ ગોઠવતા ભાજપનો આધાર વિસ્તાર પામ્યો છે. ભાજપ/એનડીએ અને નરેન્દ્ર મોદીને ટેકો વધી રહ્યાનું સ્પષ્ટપણે જોઇ શકાય છે .

ચોક્કસ રાજકીય જૂથો કે જેમનો પ્રભાવ તેમના રાજ્ય પૂરતો મર્યાદિત છે તેઓ એનડીએનો હિસ્સો બનવા ઉત્સુક છે. તેઓ મોટા રાજકીય પક્ષ સાથે સંકળાવાની સંકેતો આપી રહ્યા છે. ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે શ્રી નરેન્દ્ર મોદીના નામની જાહેરાત થઈ ત્યારે કેટલાક મીડિયા અને રાજકીય નિરીક્ષકોએ પ્રથમ પ્રતિક્રિયા એવી આપી હતી કે ભાજપને હવે સાથીપક્ષો મળવા મુશ્કેલ બની રહેશે. તેઓ એવું માને છે કે ભાજપ રાજકીય રીતે વિખુટો પડી જશે. પણ તેનાથી ઉલટું ભાજપને વધુને વધુ પ્રમાણમાં ટેકો મળી રહ્યો છે. મજબૂત ભાજપ અગાઉ કરતાં વધુ મિત્રો અને સાથીદારોને આકર્ષવા માટેની ક્ષમતા ધરાવે છે. ભાજપની રેલીઓમાં જામતી ભીડ દર્શાવે છે કે પાસાં પલટાઈ શકે છે. દેશમાં કઈ દિશાનો પવન ફૂંકાઈ રહ્યો છે તેનો સ્પષ્ટ સંદેશ મોકલે છે. આજે ગુજરાત અને કર્ણાટક જેવા રાજ્યોમાં જેઓએ ભાજપને છોડી દીધો હતો તેઓ બધા પક્ષમાં તાકાત ઉમેરવા પરત આવ્યા છે. પંજાબ, હરિયાણા , મહારાષ્ટ્ર, બિહાર અને તમિળનાડુ જેવા

રાજ્યોમાં ભાજપને નોંધપાત્ર સાથીદારો છે. કેટલાક રાજ્યોમાં ચૂંટણીઓ બાદ, ચૂંટણીમાં અથવા રાજકીય જોડાણ પહેલાં ચૂંટણી યુતિ શક્ય છે.

હું હંમેશા માનું છું કે મજબૂત ભાજપ એનડીએને મજબૂત બનાવવા તરફ દોરી જશે. એનડીએ કેવી રીતે મજબૂત બને તેના માટે અટલજીના પુસ્તકનો એક પાઠ વાંચવો જરૂરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે કેવી રીતે ત્રણ પક્ષોએ મળીને વર્ષ 1996માં એનડીએની રચના કરી અને વર્ષ 1998માં 24 પક્ષો ધરાવતો એનડીએ બની શક્યો. પ્રાદેશિક સાથીપક્ષોને આકર્ષવા માટે એક ભારતની સંઘીય અને વૈવિધ્યસભર સંસ્કૃતિનો સ્વીકાર કરવાનું છે અને તેને આદર આપવાનું જરૂરી છે. આજે નોંધપાત્ર સંખ્યામાં સાથીપક્ષો છે અને વિસ્તરતા જોડાણના સામાજિક પાત્રો વધી ગયા છે. તે બાબત એનડીએની વિસ્તરતી ક્ષિતિજોનો અણસાર આપે છે. આ બધા નવા ફેરફારના સંકેત આપે છે.